# બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય ભરતી-૨૦૨૩ના PML અન્વયે વાંધા અરજી રજુ કરવા સંદર્ભે સૂચનાઓ

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય ભરતી-૨૦૨૩ અન્વયે ઓનલાઇન ઉમેદવારી નોંધાવેલ ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરીફિકેશન સમયે જીલ્લાઓ દ્વારા જે ઉમેદવારોના કિસ્સાઓમાં કવેરી દર્શાવેલ હતી તે પૈકી જે ઉમેદવારોની અરજીઓ રદ કરવામાં આવેલ છે તેની યાદી પત્રક-અ થી અને જે ઉમેદવારોની અરજીઓ અન્વયે ગુણ/અનુભવ/અન્ય બાબતે સુધારા વધારા કરવામાં આવેલ હોય તેની યાદી પત્રક-બ થી https://www.gserc.in/ વેબસાઇટ પર મૂકેલ છે તેમજ તે અંગેની માર્ગદર્શક સૂચનાઓ પણ નીચે મુજબ મુકવામાં આવેલ છે.

- ઉમેદવારોની ઓનલાઇન અરજીઓ સંદર્ભે પત્રક-અ અને બ ની વિગતોને ધ્યાને લઇ કામચલાઉ મેરીટ યાદી (PML) પ્રસિધ્ધ કરવામાં આવે છે.
- PMLમાં સમાવિષ્ટ થવાથી આચાર્ય તરીકે નિમણૂક પામવાનો કોઇ હક પ્રસ્થાપિત થતો નથી જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.
- બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય ભરતી પ્રક્રિયાના PML અન્વયે ઉમેદવારો પોતાની વાંધા અરજીઓ તા.૦૩/૦૭/૨૦૨૩ થી ૦૫/૦૭/૨૦૨૩ સુધી બપોરે ૧૨:૦૦ કલાક દરમિયાન રજુ કરી શકશે.
- વાંધા અરજી રજુ કરવા ઇચ્છતા ઉમેદવારોએ પોતાની વાંધા અરજી પોતે હાલ જે જીલ્લામાં ફરજ બજાવે છે અને જે જીલ્લાના સ્વિકાર કેંદ્ર પર પોતાની ઓનલાઇન અરજીની ચકાસણી કરાવેલ છે તે જ જીલ્લાની જીલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી ખાતે રૂબરૂમાં જમા કરાવવાની રહેશે.
- ઉમેદવારે વાંધા અરજીમાં પોતાનું નામ, HMAT NO.,ઓનલાઇન અરજી નંબર, મોબાઇલ નંબર અને તેઓને જે વાંધો હોય તે વાંધાની સ્પષ્ટ વિગતો દર્શાવી આનુસંગિક આધારોની અસલ તથા સ્વ-પ્રમાણિત નકલ સહ જમા કરાવવાની રહેશે.
- સૂચવેલ સ્થળે અને સમયે રજુ ન થયેલ વાંધા અરજીઓ તેમજ સદર કચેરીને ટપાલ, કુરિયર કે રજી.એ.ડી. કે ઇ-મેઇલ મારફતે મળેલ અરજીઓ દફતરે કરવામાં આવશે.
- વાંધા અરજીઓ જે તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી પર ઉમેદવારે રૂબરૂમાં કરવાની રહેશે.તેમ છતાં જો ઉમેદવાર અનિવાર્ય તબીબી કારણોસર સૂચવેલ સમયે અને સ્થળે વાંધા અરજી રજુ કરવા રૂબરૂમાં ઉપસ્થિત ન રહી શકે તેમ હોય તો તમામ આનુસંગિક આધારો સહ અન્ય કોઇ વ્યક્તિને પોતાનો ઓથોરીટી લેટર આપી મોકલી શકશે.

આ સંદર્ભે વાંધા અરજીઓ સ્વિકારવા સબબની માર્ગદર્શક સૂચનાઓ તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને પત્ર દ્વારા મોકલી આપીએ, સાથે જ જિલ્લાઓ દ્વારા આપવામાં આવેલ આચાર્યોની ખાલી જગ્યાઓની યાદી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસે ચકાસી અને તે યાદી ફાઇનલ છે તે મુજબનું પ્રમાણપત્ર ઇ-મેઇલ દ્વારા મંગાવી લઇએ.